गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૬૭ वर्गांक

पुस्तकनुं नाम સુધન્વા નાટકનાં ગાયનો

विषय ર-:૨-૧

સુધન્વા નાટકનાં ગાયનો

શ્રી અમદાવાદ આર્ય નાટક સમાજ માટે

પ્રસિદ્ધ કરનાર.

દેશાઇ ઇશ્વરભાઇ જીવાભાઈ

આવૃત્તિ ૧ લી.

(ગ્રંથ સ્વામીત્વના સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે માટે કર્તાની રજા શિવાય કોઈએ છાપવું છપાવવું, વેચવું વેચાવવું કે ભજવવું નહીં.)

સુરત.

"દેશી મિત્ર" પ્રેસ,

સંવત ૧૯૬૦—સને ૧૯૦૩

કીંમત રૂ. ૦—૨—૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૭૬૭

સુધન્વા નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

પ્ર. ૧ લો.—સુત્રધાર, નટી "ભુ" માતાનું સ્તવન કરી, પોતાની શિષ્યાઓનું સંગીત સાંભળવું, પાંડવોએ અશ્વમેધ અર્થે છોડેલા અશ્વનો ખુંખારો સાંભળી તે સંબંધી સુત્રધાર તથા નટીનો વાદ વિવાદ.

પ્ર. ૨ જો—જંગલમાં અશ્વમેધના અશ્વનું રક્ષણ કરનાર અર્જુનનું આગમન; શિકારે નીકળેલા સુધન્વાએ અર્જુનને તીરસ્કાર આપી અશ્વને લઇ જવો.

પ્ર. ૩ જો—હંસધ્વજની કચેરીમાં રાજગુરૂ શંખ તથા પંડીતોમાં ધર્મ સંબંધી તકરાર, શીવમત શ્રેષ્ટ સમજાવી રાજા પાસે અંગીકાર કરાવવો, અને સર્વને પાળવા હુકમ ફરમાવવો વિષ્ણુભકત સુધન્વાનો ઇનકાર, તેથી પીતા, પુત્ર, ગુરૂ વચ્ચે તકરાર.

પ્ર. ૪ થો—રાજગુરૂ શંખને મીત્ર મહાશંખ તરફથી અવળે માર્ગે ન જવા શીખામણ, શંખનો તેના પ્રત્યે તીરસ્કાર.

પ્ર. ૫ મો—શંખની સ્ત્રી અવળચંડીનો પોતાના સ્વરૂપ વીશે નવછંદી સાથે વિવાદ, હીરાના હારની ખામી જણાવવાથી તે રાણી પાસેથી પુત્ર શીવશર્માને મોકલી મંગાવવો, શંખનું આવવું, ને રીસાયલી અવળચંડીને મનાવવું.

પ્ર. ૬ ઠો—સુધન્વા તથા શીવશર્માનો મેળાપ, હારની હકીકત, બન્નેનું જુદા પડવું.

પ્ર. ૭ મો—ધર્માભિમાની શંખનું સુધન્વાને મારવા જવું, સુધન્વાને બદલે શીવશર્માનોજ ઘાત થવો બાદ પુત્રનો સંબંધ ખુલ્લો થતાં શંખનુ પસ્તાઈ બદલો લેવા જવું. આકાશવાણીએ શીવશર્માનું બચવું, બન્ને મીત્રનું ભેટવું.

પ્ર. ૮ મો—રાજા તરફથી રાણીને પુત્ર સુધન્વાની ધર્મ સંબંધી હઠ, તથા પાંડવોના અશ્વમેધનો અશ્વ અવિચારથી બાંધી, લડાઈ કરવી પડે તે અટકાવવા બાબત રાણીને સમજાવવા કહેવું; સુધન્વાનું આવવું; તકરાર ન કરવા સમજુત આપવી; ટેકી સુધન્વા હઠ ન છોડતાં માતાની આશીષ મેળવી યુધ્ધે જવા સજ થવું.

પ્ર. ૯ મો.—પ્રભાવતીનું દાશીઓ પ્રત્યે વિરહ દુઃખ દર્શાવવું, શંખનું આવવું; ગ્રહ જોઇ સુધન્વા લડાઇમાંથી પાછો નહીં આવે, એમ શંખનું સમજાવી સુધન્વાને અટકાવવા પ્રભાવતીને કહેવું.

પ્ર. ૧૦ મો—શંખ તથા માહાશંખની તકરાર.

પ્ર. ૧૧ મો. બન્ને મિત્ર વિષ્ણુ પુંજા કરે છે, રાજ્ય પ્રતીજ્ઞાનો સાદ સાંભળી શીવશર્માનું પુછવું. પીતાની પ્રતીજ્ઞા સમજાવવી, યુધ્ધે જવા તૈયાર થવું. અચાનક પ્રભાવતીનું આવવું, અને ઋતુ માગી સુધન્વાને રોકવો, બન્નેનો વિવાદ.

અંક ૨ જો

પ્ર. ૧ લો—લશ્કર સાથે રાજાનું આવવું, બધા આવ્યા? સમાચાર પુછતાંજ શંખે સુધન્વા નથી એમ કહ્યું તેથી રાજાનું અફસોસી

સાથે ગુસ્સે થવું, શંખનું પ્રતિજ્ઞા સત્ય કરાવવા ચઢાવવું, સુધન્વાને લાવવા સિપાઇઓને મોકલાવવા.

પ્ર. ૨ જો—પ્રભાવતી તથા સુધન્વાનો સંવાદ, સીપાઇઓનું આવવું; રાજ આજ્ઞા કહેવી, પ્રભાવતીનું શોકવાન થવું, સુધન્વાને લઇ જવું.

પ્ર. ૩ જો—રાજાનો સુધન્વાને તીરસ્કાર શંખ ગુરૂનો પ્રપંચ; તેથી પ્રતિજ્ઞા સત્ય કરવી, સુધન્વાને તેલમાં તલવા હુકમ ફરમાવવો, સુધન્વાએ પ્રભાવતીને મળવાની માગણી કરવી પ્રધાનની સંમતીથી શંખે સુધન્વાને રજા આપવી.

પ્ર. ૪ થો—"ભણ્યા પણ ગણ્યા નહીં", એવા પાંચ વેદીયા બ્રાહ્મણોની રમુજી ગમ્મત.

પ્ર. ૫ મો—સુધન્વા તથા પ્રભાવતીનું વીરહ દુઃખમાં જુદા પડવું, તેલ કઢાઇ પાસે લઇ જવું.

અંક ૩ જો

પ્ર. ૧ લો—ભીમ અને અર્જુનનો સંવાદ, રાજદુતનું આવવું ને હંસધ્વજનો સંદેશો કહેવો; કૃષ્ણનું આગમન, કૃષ્ણ તથા અર્જુનનું સુધન્વાની દ્રઢતા જોવા બ્રાહ્મણ વેશે જવું.

પ્ર. ૨ જો—શંખ અને અવલચંડીનો વિવાદ, વેદીયા બ્રાહ્મણોનું આવવું અને બુદ્ધીકારક પ્રશ્ન પુછી ધુતી લેવા.

પ્ર. ૩ જો—ખેડુત સાથે વેદીયા બ્રાહ્મણોનો મેળાપ પ્રશ્નની હકીકત કહેવી તથા શંખને જીતવા ખેડુતનું જવું.

પ્ર. ૪ થો—શંખની શીવશર્માને શીખામણ, સુધન્વાને સ્વધર્મ તજાવાને શીવશર્માને ભલામણ, પીતા પ્રત્યે પુત્રનો તિરસ્કાર.

પ્ર. ૫ મો—પ્રતિજ્ઞા પુરી કરવા સુધન્વાનું તેલ કઢાઇમાં પડતા શીવશર્માં તથા પ્રભાવતીનું અંદર પડવું. અર્જુનનું આશ્ચર્ય પામી ચકીત થવું શંખનું વિસ્મીત થવું; સત્ય જોવા શ્રીફળ અંદર નાખવું; તેના કાચલાનું શંખના કપાળમાં વાગવું, રાજા હંસધ્વજનું ક્રોધે ભરાવું, શંખનું ચાલ્યા જવું.

પ્ર. ૬ ઠો—અવલચંડી સાથે ખેડુતનો પ્રપંચ; શંખે શ્રાધ ન કરવા કહ્યું છે; એમ દરેક બાબત ખોટી કહી છતાં અવળચંડીના નામ પ્રમાણે નાની હા કહી શ્રાધ કરવું, શંખનું આવવું; ખેડુત સાથે પ્રશ્નની હારજીત.

પ્ર. ૭ મો—શ્રાપનો ઉશ્રાપ તથા સર્વનો મેળાપ; અંતે સત્યનો જય જય કાર.

સંપૂર્ણ



મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ

હંસધ્વજ..........................હંસપુરનો રાજા
સુધન્વા..........................તેનો પુત્ર
શીવશર્મા..........................સુધન્વાનો મિત્ર
શંખ..........................રાજ્યગુરૂ શીવશર્માનો પીતા
મહાશંખ..........................શંખનો મિત્ર
અર્જુન...... ....પાંડુ રાજાનો પુત્ર
કૃષ્ણ..........................દ્વારકાપુરીનો રાજા
ભીમ..........................અર્જુનનનો ભાઇ
સુમતિ..........................હંસધ્વજનો પ્રધાન

સ્ત્રી વર્ગ

કમળાવતી..........................હંસધ્વજની રાણી
પ્રભાવતી..........................સુધન્વાની સ્ત્રી
અવળચંડી..........................શંખની સ્ત્રી
નવછંદી..........................અવલચંડીની દાસી

સીવાય દાસીઓ, વારંગનાઓ, કુમારીકાઓ, સેનાપતિ, પંડિતો, લશ્કર, વેદીયા, ખેડુત, ચોપદાર. વિગેરે, વિગેરે.

સુધન્વા નાટકનાં ગાયનો

સુત્રધાર— ગાયન ૧

માતા તું ભગવતી ક્ષીતી—માતા૦
દેવિ છે તુજ વિષે વિશ્વગતી,
દયાળુ માયાળુ શાન્ત તું છે અતી;
પ્રણમુ હું પ્રથમ પરમ શ્રેષ્ટ સતી,
તુજ ચરણમાં ધારે પ્રીતી—માતા તું૦

ગાયન ૨

કદિ દુધ પાસો સર્પને પણ ઝેર તો તેનું થશે,
બહુ લાડ કરશો, શ્વાનને પણ હાઉ કહી ભસવા જશે;
કદિ ગાય ખાતી ઘાસ પણ શુદ્ધ દુધ અમૃત આપતી,
તરણાં ચરે વને હરણ પણ કસ્તુરિ નાભિમાં થતી.

નટી— ગાયન ૩

શી શોભે છે આર્ય જુઓ આર્ય સુંદરી,
સાત સિંધુ વસ્ત્ર શાન્તિ શસ્ત્રને ધરી—....શી૦
દીશાના હાથી હાથ જેના નાથ શ્રી હરી,
રામ જેવા પુત્ર પુત્રી સીતા સુંદરી—...શી૦
પવિત્ર તીર્થ નર્મદા ગંગા ગોદાવરી,
કાશી મથુરાં ને અયોધ્યા દ્વારિકાં પુરી—શી૦

કર્ણ અર્જુન કૃષ્ણ માન્ધાતા મહીપતી,
હે વિરમાતા તું વિશે કંઇ થઇ ગયા અતી—શી૦
જન્મ્યા અમો સૌ તુજ વિષે તુજમાં જશું મળી,
સ્મશાન ભૂમીને વિષે તુજમાં જશું બળી—શી૦

શિષ્યાઓ ગાયન ૪.

આવો સાહેલી ગાઓ સાહેલી;
આર્ય ભુમીનું અંત્તરથી મંગળ સરવે—
મંગળકારી માત દયાળી, સુખ શાન્તી અરપે સ્મરવે—
મન વાન્છિત પુરણ કરનારી, કામધેનું સમ સુખકરએ—
વિધ વિધ રંગઉમંગ ભરી, ગુણ ગાન કરો તજી અંતરને
વિષ્ણું વિલાશીની, કષ્ટ નિવાશીની,
ભક્ત સુરક્ષણી જય જય હે——આવો૦

અર્જુન ગાયન ૫

કયાં જવું ને શું કરૂં સૂઝે કંઇ નહીં;
પાપ મારાની પ્રભુ કમી નથી રહી.—કયાં૦
રાજયના લોભે કરી કુટુંબિઓ હણ્યા;
કર્ણ દુર્યોધન સમા પ્રિય ભાઇ ના ગણ્યા.—કયાં૦
પુજય પિતા ભીષ્મ ને સદ્‌ગુરૂ દ્રોણ શા;
આચાર્ય અશ્વસ્થામા હણ્યા હાયરે દશા.—કયાં૦
બ્રહ્મ હત્યા બન્ધુ હત્યા શીર મેં ધરી;
ક્રુર કુરૂક્ષેત્ર ભુમી લોહીથી ભરી.—કયાં૦

યુદ્ધની આશા થકી નિરાશ હું થયો;
હા પ્રભુ શું શું સહેવા પ્રાણ આ રહ્યા.—ક્યાં૦

અર્જુન— ગાયન ૬

જા જા જારે અવિચારી ઉતારૂં ખુમારી તારી હું આવારી—જા જા.
સુધન્વા–વાહ વાહ વાહ વાહરે લબાડી મુખે શું બકે વડાઇ તારી,
ગુમાની શેમાની નાદાની તજી જા જા—
અર્જુન—જારે જારે ઝાઝી કરે શું અલ્યા ખોટી પતરાજી
કરવી લવારી હવે બંધ કર તારી,
જા જારે અનાડી જા જા—જા જા—જારે૦

દરબારીઓ— ગાયન ૭

જય જય નરવર શ્રી જય પામો જગ કીરતાર—જય૦
પાળક દીન જનના પ્રભુ ટાળક દુઃખ દળના;
સદ્ગુણી સુરમણી છો સરકાર,
પર ઉંપકારક અપરમપાર;
નમીએ ચરણે વારમવાર.
શેવક આ સહુ તાબેદાર— જય૦
જય જય જય ધરમાવતાર,
ઘણું જીવો શીર છત્ર દયાળ—જય૦

હંસધ્વજ— ગાયન ૮

શી સૂજી આ મતી, (૨)
અન્ન મુજ ખાઇ હક઼ કરવું નથી........શી૦

મુજ આજ્ઞા અનુસાર સકળને,
શંકર મત મંજુર નથી.................શી૦
રાજ હુકમ નવ શીર ધરે કો,
સંહારૂં નીજ શસ્ત્ર થકી..................શી૦
રાજ પ્રજા જન સર્વ રટો હર,
જય શંકર કૈલાસ પતી.................શી૦

સુધન્વા— ગાયન ૯

આજ્ઞા આપો જે આવારે, પાળુ પીતાજી સુજાણ;
મુખે કહો તે બજાવું.........................આજ્ઞા૦
શંકરને પ્રણમું પ્રીતે પિતુ એ મોટા માહાદેવ;
પણ મનથી રટું ઇષ્ટ હું શ્રી વિષ્ણુ મા'દેવ--
એ..................પિતા...જીહા...આજ્ઞા.

શંખ— ગાયન ૧૦

એક પાપી પેટને સારૂં, નર શું ન કરે કહો વારૂં;
સિંહ થાય શિયાળ બિચારૂં, હસ્તિ અંકુશ વશ ધારૂં.
પ્રપંચિય પેટ વિચારૂં, કયાં દુષ્ટ પેટ જઈબાળું...બાળું...બાળુ
કયાં જઈ વારૂં, ક્યાંઇ કહુ હું, દુઃખ આ તનનું પેટ પુજનનું;
મરવું મનમાં મનનું થૈ થૈ નટ કંઇ નાચ નાચતા,
વિધ વિધ રંગિત વેશ ધારતા—
વૈદ્યવકીલ કંઇ, ચોર ચુગલ કંઇ, જોશીરાજ કંઇ માહારાજ કંઈ;
ભટ ભટકીને ભીખ માગતા, કંઇ કંઇ જોગી જોગ સાધતા,
કંઇ કંગાલો કૃપણ યાચતા—

હજાર રસ્તે પેટ ભમાવે, નરને નારી કરી નચાવે,
કંઈકિ નોકરો કંઈકિ શેઠજી, કંઈ કંઇ ફરતા વેઠ પેટની;
કંઇ ઉદાશી કંઇ અપવાશી, કંઇ સન્યાશી કાશી નિવાશી;
ઠગપણુ સગપણુ હીત્ પણ દુશ્મન—
વીવા વાજન રાજન સાજન, દીન જન શેવન મુક્તિ બંધન,
પુજન અર્ચન ધ્યાન ઉપાસન, મોહન મારણુ મંત્ર ઉચ્ચાટણુ.
ઉદર કારણુ લક્ષણુ લખ કોટિ ન્યારૂં...ન્યારૂં...બાળું.

શંખ— ગાયન ૧૧

બસ ઝટપટ ખટપટ રચી નિચ શઠ ઝટ ઝટકાવું જઈ;
ખુશ તન મન નિશદીન બન બન મનસે મલકાઉં નહીં,
બહુ છળબળ કળબળ કરી રાજન તન પરજાળુ સહી;
શું દુશ્મન દીન દીન મુજપર રહે સર સાંખુ એ કંઈ.
કોરસ—શંખ ગુરૂવર ધર્મ ધુરંધર રાજ તણો રાજેંદર હું;
ઇંદ્ર અને ઉપેંદ્રજ હું છું શંકરમાં શીવ શંકર હું.

અવળચંડી— ગાયન ૧૨

હું નામ અવળચંડી અવળુ કરનારી,
પરણ્યા પતીથી નિત્ય કલેશ કરી લડનારી;
હું વન વેલી વન વાન્દરને થન થન નચવું...હાં હાં હાં.
લટક મટકથી ચાલચટકથી નયન પલકથી...હાં હાં હાં.
નાથ નમાવું, રોજ રીસાવું સે'જ સતાવું....હાં હાં હાં.
મળી જોડ જુગલ નહીં ખોડ ગુલાબી છોડ હું કેશર કયારી-પર૦

અવળચંડી— ગાયન ૧૩

હું કેવી રૂપાળી રંગે ગોરી છું કે કાળી.

પ્હેરી ઓઢી શણગાર સજી, શોભુ જાણે હું બાળ કુંવારી;

રાજાની રાણી કંઇ પાણી ભરે, આ ગોરાણી તણું રૂપ ન્યાળી, હું.

નવછંદી—લટક પુરીને ચટક પુરી મટક મોહની નિરાળી,

આંધળી બેડાં અધરથી પછાડે આ રૂપ તમારૂં નિહાળી—

અવળચંડી—

ચણીઓને ચોળી રંગે ઝબોળી કંઇ નંગે જડેલી છે વાળી;

રૂમક ઝુમક છુમક છુમક ચાલું તો હાથીણી ચાલી—હું.

શંખ— ગાયન ૧૪

વા’રે વા’રે વાહ—

મળી તું કુટીલ કામનીરે મારા કીયા જનમના ભોગ,

અવળચંડી—

કર્મ કૂટયો શંખ કયાંથી મળ્યો મારે કેવો આ કર્મ સંજોગ;

પાપી પીટયા શીદ પાલે પડયો મારે પરણીને પાળવો શોક,

શંખ—

રાખી અવળચંડી કયાં તું હતી, જા તારે મારે કંઇ સગાઇ નથી

અવળચંડી—(લ્યો તારે આ ચાલી)

શંખ—(એમ થાય કે ? મા’રી વ્હાલી)

સુધન્વા— ગાયન ૧૫

દઇ દીલદાર સદા દીલને દીલ આરામ આપે,

દહી દીલદાર દિલને દીલ તણી બે દીલી કાપે...દઇ૦

ગણ્યો જીવજાન તેના જાન ખાતર જાન આપે,
કહ્યા દીલદાર તેને દીલનું બળીદાન આપે...દઇ૦
દીલે દીલભર દુઃખી દીલ દર્દિને દવાઈ આપે,
દીલે દુશ્મન હટાવા દોસ્તને ગવાહી આપે...દઇ૦

શીવશર્મા— ગાયન ૧૬

તજી મોટાઇ માન મિત્ર ગણે સમાન નિંદા સુણે ન કાન
પ્રિયની ખોટી
તજી નિજનું કામ કરે મિત્ર કામ, દઇ હામ દામ, ખુબિ એ મોટી;
ડુબતો ઉગારે મિત્ર હાથ ધારે, દુર વ્યસન ટાળે વળગ્યાં કોટી;
નીચ સંગ તજાવી સત્ સંગ બતાવી, લોહ હીમ બનાવી
કરશે કસોટી.
લહે હૃદય એક તજી કપટ છેક છળભેદ અનેક તજીદે ભાઈ,
ધરે સદ્ વિવેક મીત્ર ધર્મ ટેક રાખે નીતિ નેક નિજમન માંહી
એતે મીત્રાઇ જગકીર્ત્તી છાઈ કવિ મુખ ગવાઇ અતિ સુખદાઈ,
બાકી જણાઇ ભવની ભવાઇ ખલ મિત્રતાઈ અતિ દુખદાઈ,

શીવશર્મા— ગાયન ૧૭

સંધ્યા કાળ કૃત્તાંત કાળ સરખી, આજે મને ભાસતી,
શાન્તી નાશ થતી ભયે હૃદયમાં, ભીતી અતી વાસતી;
કા કા કાગ કરી અધિક કકળે, શિયાળ શાને રડે,
નિશ્ચે આમ મનાય માન શુકને, આ પિંડ આજે પડે.

શંખ— ગાયન ૧૮

પાપી થાતું તૈયાર વિષ્ણુને વંદનાર,

શંકરના શત્રુને સઘ સંહારનાર,
સુધન્વા થા જલદી હોંશીયાર......

શંખ— ગાયન ૧૯

બસ જાઉં ઝટ જાઉં—
એ પાપીને સંહારીને બસ મારૂં વેર વાળુ હું....બસ જાઉ
જાઉ જાઉં

છળબળ કંઈ કળ કરી જલ્દી કરૂં ઠાર આ વાર...જલ્દી
જાઉં જાઉં જાઉં.

સુધન્વા— ગાયન ૨૦

અરેરે હ્યાં કેવા ભયંકર પશુના સ્વર થતા,
શિયાળોને શ્વાનો અહીં તહીં ખુશીથી ભટકતા;
ઉડે આકાશે શે અવનિતળ આવી ગિધ અતી,
અહો બન્ધુ મારા તુજ જીવન ચિન્તા મન થતી.

સુધન્વા— ગાયન ૨૧

હા ભાઈ હા પ્યારા શું સુતો તું નિદ્રામાં,
હા ભાઇ હા ભાઈ ચાલ્યો તું કયાં—
જીવનનારે શાથી સંકટના સંગાથી,
રે ત્યાગી નિર્ભાગી ચાલ્યો તું કયાં—હા ભાઇ૦
આ સુખની જે લાલી તુજ વિના થઇ કાળી
દેહ આ દઉં ટાળી રે રે—અરે ભાઇ૦

આકાશવાણી— ગાયન ૨૨

શાન્ત શાન્ત વીર ધીરજ અંતર ધાર,

શાન્ત શાન્ત ફરી મળશે જીવન હાર;
મીત્ર કાજ માહા વીર નર નવ ત્યાગિશ તુજ પ્રાણુ,
પર ઉપકારક પુરૂષનું પ્રભુ કરો કલ્યાણુ—શાન્ત૦

રાણી— ગાયન ૨૩

સતીને હમેંશ શામ પતી તે પરમેશ શામ,
અંધને અપંગ રોગી ભલે હો વ્યભિચારી ભોગી;
જટીલ કે હોય જતી જોગી, બાળાને તો બેશ શામ,—
ચોર ચુગલી ખોર સ્વામી વળિ વ્યંડળ હોય વામી,
સતિ દુઃખ સહુ દીયે વામી, રટે સુખ હમેશ શામ—

રાણી— ગાયન ૨૪

પ્રીતમ તમ દરશન પ્યાસીરે,—
દરશન પ્યાસી આ દિન દાશી—વ્હાલા અધિક ઉદાશીરે—પ્રીય
જેમ ચકોરી ચંદ્ર નિહાળી દેતી પ્રિય પર તનમન વારી,
ત્યમ પિયુ આધિનરે, છે મુજ તન મનરે.
રાજા—સુંદરી જાણું હું સહુરે, હાલ જાઉંરે, રજા લઉંરે;
રસીલી તારી વિરહા અગની આહા;
રાખે ઉદાશી નયન વિલાશી.

રાણી—..........................વામા...દરશન૦

રાણી— ગાયન ૨૫

કુંવરજી કૃષ્ણુ તણાં દર્શન લઇ કુશળ કા'વજો—હો રાજ
વહેલા આવજો હોરાજ

કરતાં અર્જુન સાથે યુદ્ધ કુળ દીપાવજો—હો. વે. આ. હો.
કુંવર દે અંતર આશિષ માત રળી જય લાવજો–હો. વે. આ. હો.
કુંવરજી રણમાં પાક્રમ પુર કરી બતલાવજો–હો. વે. આ. હો.

સુધન્વા—

માતા તમ આશીષ થકી સર્વ સુધરશે કાજરે હોમાત.
વે. આ. હો.
માતા નીજજનની જગદીશ્વર રાખે લાજરે—હો વે. આ. હો.

રાણી—

કરજો રક્ષા તુજ કરૂણાળ કુંવર મુજ બાળુડા–હો. વે. આ. હો.
લેજો ઇષ્ટ સદા સંભાળ સુત મુજ લાડીલા–હો. વે. આ. હો.

પ્રભાવતી— ગાયન ૨૬

પ્રીતમ પ્રાણના હુંથી વીયોગે રહાયના,
નહીં જાયે...રીબાયે...આ હાયે...જીવ આ—પ્રીતમ.
મને આ રાજને સુખ સાજ સરવ આગ લાગે,
મને સૌભાગ્ય સુંદર બાગ તે પણ આગ લાગે;
મને આ મહેલ મંદીર માળ તે પણ આગ લાગે,
પ્રાણ જાઅના....સુખ થાયના...હાયહાયના—પ્રીતમ

દાશીઓ— ગાયન ૨૭

શા ણી દીલગીર શાને અંતરે થાઓ,
કારણ જણાઓ, શા કાજે રીબાઓ;
બોલો બોલો હશીને ખુશીથી દાશીથી કેમ રીસાઓ–શા.

પ્રભાવતી—સખી દુર જાઓ કોને સમજાઓ,
અતીશે સતાઓ મને શું મનાઓ;

દાશી ૧લી—(સખી આમ શું રીસાઓ)
,, ૨જી—(સખી આવો ગીત ગાઓ)
,, ૩જી—(સુખી થાઓ માની જાઓ)
,, ૪થી—(કહ્યું કાંઇ મન લાઓ)

પ્રભાવતી—અરે જાઓ સજની તમે અલગ રો'ની
ચાહે બોલો ના બોલો તમારી મરજી

દાશીઓ—સખી સુજાણ હમારી...માનો કાંઈ વાત હમારી
કરે શીદ આમ લાચારી...બોલો બોલો હશીને૦

ગાયન ૨૮મું ગરબો

પીયુજી પરદેશના પ્રવાશીરે બાળા ત્રાશીરે રહી વદન વીકાશી.
ઘોડીલાની પડઘી વાગી એ નણુદલ વીર આવ્યારે,
મણી જડીત આ મંડીલ ચળકયું દામનીએ દરશાવ્યારે,
લાવ્યા લાવ્યા અમ્મર જઇ ઉજ્જન કેશર કાસ્મીરથીરે,
લાવ્યા વળી નવિન નવિન શણગાર કે ધરી ઉમંગથીરે.

સાખી

નવરાત્રીની રાત્રીએ ગોરી ગરબો ગાય,
નવરાત્રી સુખમાં જતા હર્ષ ઘણોરે થાય.

નીરખતી અગાશીએ સકામ વીરહી વામ શુંદર સ્યામનેરે લોલ.
ગરજતાં ઘનઘોર શોર મોરનોરેલોલ.

સાખી

બોલ બોલે બપૈયા આલી પીયુ શંભાળીરે,
વીજ ચમકીદે ચિત્ત આ પ્રજાળી ઉપર મુજલાલી પીયુએ વાલીરે
પીયુજી.

શંખં ગાયન ૨૯

લ્હેરી લટકો મોટો ચટકો જુઓ ખોટ વિનાનો આ ખટકો,
ઝેરી ઝટકો ભોળો ભટકો કરી ફેલ લગાવિશ હું ફટકો;
હર હર શંકર નરવર શંકર મમત મચાવીએ રચાવીએ;
ગમત ગજાવીએ નૃપતિ નમાવીએ લ્હેરો લુંટાવીએ,
મોંજો ઉડાવીએ નર સૌ નચાવીએ હેતે હસાવીએ,
રહીશું રમતા દાંભિક દમતા છિલને છલશું માંડી મટકો,

સુધન્વા શીવશર્મા— ગાયન ૩૦

જયરામ જયરામ, જય જગના સ્વામી, પ્રભુ જય જગના સ્વામી,
નિરગુણ મય નિરામય નિરભય નિષ્કામી—જયરામ (૨)
મત્સકુર્મ વારાહ નૃસીંહ દેહ ધરી, પ્રભુ નૃસિં૦
ફર્સુરામ બળરામ રામ અવધ સ્વામી, પ્રભુરામ અવધ૦
સુરનર મુની સંતોષ્યા હણી રાવણ કામી—જયરામ (૨)
કૃષ્ણ બુદ્ધ અવતાર કલ્કી દેહવિષે; પ્રભુ કલ્કી૦
જન્મ ધર્યો જગદીશ્વર સાધુ સંત મિષે—જયરામ (૨)

પ્રભાવતી— ગાયન ૩૧

અહો પ્યારા પ્રિય જીવન થઈ કેમ દુશમન થઇ રહોરે,
ધરી મુજ શીરપર પ્રથમ ખંજર પછી જાવા કહોને.

સુધન્વા—

રસિક વચન તુજ કઠણુ હૃદય મુજ નરમ કરી પીંગળાવે;

પ્રભાવતી—

પરણી ગરૂણી તજીપર પરણી લંપટ લગન લગાવે.

સુધન્વા—પ્રાણુજાએ...એન થાએ

પ્રભાવતી.. ....અહો.

વિપ્ર વડીલ ગુરૂ શાક્ષીએ પરણ્યા ઝાલી હાથ,

તેને ત્યાગી ચાહો શું મુક્તિનો સંગાથ—ધરી મુજ.

પ્રભાવતી— ગાયન. ૩૨

ચાલો મારા રસીક સુંદર ભરથાર

સુધન્વા—વારે વારે સુંદર તું મારી સરદાર (૨)

પ્રભાવતી—સ્વામી ખેલો સુંદરથી સુદર શૃંગાર

સુધન્વા..વારે વારે.

પ્રભાવતી—પ્રીતીનો પ્યાલો પીયોને પાઓ

ચાલો મારા ભરથાર.......................

સુધન્વા...................... ....વારે વારે૦

પ્રભાવતી—સ્વામી સિધારો, પ્રેમે પધારો, અંતર ઠારો;

સુધન્વા—વારૂં પ્રીયા,

વારે નાર દીલભર ચાલ રે દીલદાર.

પ્રભાવતી—છું તૈયાર.... ....રસીક.

અંક ૨ જો

હંસધ્વજ તથા લસ્કર ગાયન ૩૩

રણધીર શુરવીર ધરી તીર સમશીર
શત્રુઓનાં શીર છેદો પ્રવીર,
ન અધિર થાઓ ધીર હણી વીર શરીર
રૂધીર નદિ ચલાવો ગંભીર,

હંસધ્વજ—ધારીને હોંશીઆરીને
અસી ધારીને અરી મારીને.........ન અધિર.

શીવશર્માં— ગાયન ૩૪

ધિક્ ધિક્ પીતુ કરો શું અનિતી,
જાણી સમજી ગઇ કેમ ગતી...............ધિક્ ધિક્.
પર ઉપકાર સમ નહીં પુન્યાઇ,
પર પીડા સમ નહીં અધમાઇ,
માનો પિતા પૂર્ણ જ્ઞાતા,
અંતે સત્ય મેવ જયતી.................ધિક્ ધિક્.

પ્રભાવતી ગાયન ૩૫

મોહન મારા મનાવું માનો માનો,
હા રંગ માણુવા, રહોજી રંગ માણવા, મા’રાજ રંગ માણુવા
રંગ માણુવા સંગ પ્રાણના................મોહન૦

સુધન્વા—સુશીલ સુંદરી સમયને કંઇ જાણો.

હા પ્રિય પ્રેમદા, પ્રવિત્ર પ્રિય પ્રેમદા, રસીલી પ્રિય પ્રેમદા,
પ્રિય પ્રેમદા, આવે આપદા..................

પ્રભાવતી— ....મોહન.

પાય પડી માગુ નાથ નમીને સિધારો પ્રિતમજી,
વાલમજી ન રસીયા રીસાવો ભલા
જાઓ માનીજી અમવાણીજી હીન જાણીજી...મોહન

પ્રભાવતી— ગાયન ૩૬

આમ છોડી, શું અમને સિધારોરે પ્રાણપતી,
લઇ પ્રાણને પ્રિતે પધારોરે, પ્રાણપતી.

સુધન્વા—કરે આમ તું શે કલ્પાંન્તરે શાણી સતી,
પ્રિય પ્રાણ જરાથા શાન્તરે શાણી સતી.

પ્રભાવતી—બાગ દીસે આ આગ સરખો મંદીર મે'લની વાસ,
સુંદર જાતાં સયન ભવન આ લાગે કાગ નિવાસરે—પ્રા૦

સુધન્વા—
સુંદર તારી મુરત સુરત તજતાં થાઉં નિરાશ,
ઈશ્વર ઇચ્છા એમ થઇ તો રહી મનમાં મન આશરે—શા૦

પ્રભાવતી—
કયારે મળશો કંથજી મારા રાજકુંવર રણધીર
જાઓ કહેતાં જીભ કપાએ નાની નણંદના વીરરે—પ્રા૦

સુધન્વા—
વિયોગ વહાલા જનનો જનથી જરીએ નવ સે'વાય,
વાંકી વિધાતા વાકું કરે તવ સર્વ વાંકું સમજાયરે—શા૦

પ્રભાવતી—
પૂર્વ જન્મનાં પ્રાયાશ્ચત પ્રગટયાં અંતર એમ મનાય,

જોબન સમયે જુગ્તી જોડીનો જન્મ વિયોગી જાયરે.—પ્રા૦

સુધન્વા—

સંજોગ વિજોગ દુઃખ સુખ હાની હર્ષ નહો નુકશાન,
કર્મ પ્રમાણે ફળ પામીને અંતે જવું સ્મશાનરે—શા૦

પ્રભાવતી— ગાનય ૩૭

મારા સ્વામી વળજો વેલેરા હો કંથજી,
તમે મ્હેલરે મંદીર મેલી શીદ ચાલ્યા જાઓ—મારા સ્વા૦
સંગે વસ્યાં, સંગે હસ્યાં, સંગે સયન સુખ ભોગવ્યાં;
રેહાય આ કરમે ફૂટે સંયોગી વિયોગી કર્યાં—તમે૦
ઘનઘોર વનમાં ગર્જતો વનરાજ સંગે વ્હાલીના,
ઘનરાજ કરત્તા ગર્જના વનરાજ અસુ નિજટાળીઆ—તમે.

સુધન્વા—

શા કારણે સંતાપ કર કરમે લખ્યું કદિના ટળે,
રે હાય તાતા તેલમાં નિજ તાત તનનું તન તળે—

પ્રભાવતી..................................તમે.

ગાયન. ૩૮

સુધ—કરોજી શું આમ, પ્રધાન—થશો બદનામ;
રાજા—ચુપ ચુપરે નાદાન, શંખ—જો કંઇ સમજો તો ઠીક.
સુધ—વિના વાંકે બાળ, પ્રધાન—હણાશે અકાળ;
રાજા—સજાએ ચંડાળ, શંખ—જો કંઈ સમજો તો ઠીક.
શીવ—પ્રભુ ભકત એહ, પ્રધાન—સુંપી શુધ્ધ દેહ;

" —કરો શાને છેહ, શંખ—જો કંઇ સમજો તો ઠીક.
" —અરે ઓ દીલદાર, સુધ—તજી દેતુ પ્યાર;
શંખ—જા જારે ગમાર, શંખ—જો કંઇ સમજો તો ઠીક.
" —હરામી અધીક, શીવ—તમે છો ખચીત
પ્રધાન—ધરી પ્રભુ બીક, શંખ—જો કંઇ સમજો તો ઠીક.
" —અહો શંખ રાજ, શીવ—પીતા જમરાજ;
" —કરો શું અકાજ, શંખ—જો કાંઇ સમજો તો ઠીક

શંખ— ગાયન ૩૯

ગોર આ શંખ શું કોઇથી ડરનાર,
તોર હું સામે શું કોઇ છે કરનાર;
ચુંચાં કરી મરનાર..............આ શંખ૦
હું સમાન વીર કોય નહીં જગમાંહીં હોય,
અરે વા'રેવા—(૩)
વીર ધીર અસુ હરનાર.......ગોર૦

પંડીતો—(બ્રાહ્મણો) ગાયન ૪૦

બળ્યું ભણતર ભણેલું નકામરે, ભાઇ લોટનું;
જાણો જીવ્યું આ જગમાં હરામરે, ઠાલા ઠોઠનું;
કાશી જૈને કાયા ગાળી ગંગાજીમાં કીધુ સ્નાન;
રોટલા ઘડતાં રાખ બનાવી,
ભાઇ રહ્યું કયાં બ્રહ્મ જ્ઞાન, લોટનું..........બળ્યું.
ભવ ગુમાવ્યો ભીખ માગીને કૌમુદિનો કીધો પાઠ;
ખહબફકરતું ખીચડું ફોડયું વ્યાકરણુમાં ઉંહી વાટ, કો'ખરૂં—બ.

ગૌતમના ગ્રંથો જોયા તર્ક કર્યા કયાંના કયાંય,
ઘી ગુમાવ્યું માર્ગ માંહી,
શાસ્ત્રીજી ફળ પામ્યા ન્યાય, શોધનું.........બળયું.
વા'ણું વાતાં વૈદ્ય ગયાતા શાક તણી શોધને માટ,
લીંબ તણા પાન લઇને આવ્યા વીતે અડધી રાત, શું કરૂં-બ૦
મેશ મિથુન વરખ કરક ગણતાં મુરત રાશી માસ,
બળદ ચારીએ બળદ ખોયો.
વા'રે મારા જોષિરાજ જીવો ઘણું...............બળયું.

પ્રભાવતી— ગાયન ૪૧

અરર હર કર અમ પામર પર નજર જરી,
હાય અમ અનાથ પર શું જુલ્મ કર હરી...અરરર.
અબળા નારી હું દુખીયારી દુખની મારી રહી છું હારી;
હે ત્રીપુરારી, ગંગાધારી, દે દુખહારી, આશિષ સારી,
શીવજી સ્મર અરી................
પ્રાણ નાથને કષ્ટમાં સાહ્ય કરી,
આશા પુરજો શ્રી હરી, વિંનતી મુજ દીલમાં ધરી—હાય૦

પ્રભાવતી— ગાયન ૪૨

નજરથી દુર થઈ સુંદર ગયા કયાં,
હૃદય પર હા દઈ ખંજર ગયા કયાં;
હૃદય ફાટી જતું આહા રહે કયાં,
બળેલું મન બળાપો આ કહે કયાં;
વીર રાજકુંવર મનહર સુંદર વીણ ધીર શી રીતે ધરૂં,

ઘડી ઘડી પળ પળ વિરહ અગન મન વીકળ કરે,
અરે શા કારણે મા બાપે કન્યાદાન આપ્યું,
અરે શાને નહીં જન્માવતાં બળીદાન આપ્યું;
અરે સુંદર વીના સુંદર પણું ભગવાન આપ્યું,
હર્યું હંસી તણું રે'ઠાણુ જે સરમાન આપ્યું,
વિલાશી ચંદ્ર છુપાતાં ચકોરી એ ગાન આપ્યું.

અંક ૩ જો.

શંખ— ગાયન ૪૩

લટકે લટકાળી શી ચટકાળી ચાલથી,
ચટકાળી ચાલથી ઝાંઝર ઝમકાવતી,
વારે વારે આ ચિત્તને ચમકાવતી—વાહ, વાહ,—લટકે.

અવળચંડી—

બસ જાઓ તમે, નહી બોલું હવે, સૌ જાણી તમારી ઠગાઇ.

શંખ—પાય લાગું તને, માફ માગું હવે, રસીલી શિદ જાયે
રીસાઇ, રે પ્યારી—

અવળચંડી—.........રહી હારી—જાજા......

શંખ—..લટકે.

શંખ— ગાયન ૪૪

ગોરી તારા ગોરા (૩) ગાલપર શીરના વાળ છે કાળા;
અણીઆળી કરે આંખ ચાળા...ગોરી તારા૦

વારે વારે મારી વ્હાલી અવળચંડી;
તું છે ગોરીને ગોર કાળા,.....મારી વ્હાલી૦

અવળચંડી—
હું છું ગોરાણી મા' રાણીની રાણી
જોઇ તને થાય લાંળા-મારા પીટયા.

શાખ—.............................ગોરી તારા૦

શીવશર્મા— ગાયન ૪૫

પાપી જાજા જારે જારે નીચ,
કરે શું......અરે શું.
રે બની નિડર અધમ........જારે નીચ૦
જોતાં ઉઠે ઉર જવાળ,
કેવો તું પાપી ચંડાળ,
ધીક્ તુંને હા. હુડ ધુત જા...રે બની૦

સુધન્વા— ગાયન ૪૬

સાહ્ય શ્રી હરી મારી કરોરે
બળતા દવથી દુઃખ ડુંગરથી બળતાના બેલી બનોરે—સા૦
તાતે તપતું તેલ ઉકાળ્યું, તન તળવાનું પણ નિજ પાળ્યું;
પ્રભુ દીન જન વા'રે ચડોરે..............સાહ્ય૦
મીરાનું વિષ અમૃત કીધું, ધ્રુવને રાજ અવિચળ દીધું;
શ્રી હરી શાને વિલંબ કરોરે..........સાહ્ય૦
અહલ્યા નારી આપે ઉદ્ધારી, ગ્રાહથી લીધો ગજેંદ્ર તારી,
સંકટ શો આ આવ્યું હરોરે, તેલ પ્રભુ આ શિતળ કરોરે—સા૦

સુધન્વા— ગાયન ૪૭

વિભુ તારીરે અમપર કૃપાય,
ગીરીધર નટવર અપરમ સ્હાય,......સુખદા—વિભુ૦
પાંડવનું રક્ષણ કર્યું, લાક્ષાગ્રહ થકી સાર;
કષ્ટ કાપી શાન્તી આપી;
શ્રેયકર શ્રીવર તુહી દયાળુ મુરારી
લે તારી, ભય હારી,....જય વિશ્વ રાય...વિભુ તારીરે૦

સુધન્વા— ગાયન ૪૮

તાત વિચારી શું રે આ તનની તેલ વિષે તળો કાયા,
લોહી થકી આ લોહીજ પ્રગટયું તેથી તજો શું માયા;
કોમળ પ્રફુલ્લિત પુષ્પ કમળને અગ્નિ વિષે નવ બાળો,
હાય ઉકળતા તેલ વિષે નવ કોમળ કાયા પ્રજાળો,
પુત્ર વધુ આ પત્નિ પ્રભાના સૌભાગ્ય સામું નિહાળો;
શર્ણાગત બાળકને પીતાજી અભય આશિસ કઈ આલો,
જેહ હૃદય નિજ હૃદયે ચાંપ્યું તેપર આમ કરો શું;
વિણ અપરાધે તાત દયાળુ શાક સમાન તળો શું
યુદ્ધ પ્રસંગે પ્રભુ પુજનમાં ક્લેશ વિલંબ વિતાઇ,
તે થકી ગુરૂ આ શંખ મા'રાજે પ્રપંચ જાળ રચાવી,

પ્રભા—

હાય હત્યારી હુંજ સ્વામીજી આપને મળવા આવી;
દુષ્ટ દયાહિન શંખ ગુરૂએ ભોળીને ભરમાવી;
પુજય પીતાજી પુત્ર વધુ આ શીદને રાંક રડાવો,

જીવન ધન મુજ સર્વ હરીને રાયજીશો રંડાવો.

શંખ— ગાયન ૪૯

કર્મ કાળાં કંઇ કરોડો કરી માનવંત ગણાયા.
દંડ પાખંડનો દે જગરાયા કર્મ કૂટાયા—કર્મ૦
ભોળા ભલા જન રંક દુભી દગાખોર કહેવાયા;
લકુકડ ધકુકડ લે જમરાયા હાય ફસાયા—કર્મ૦
મારી કાપી લુંટી ઝુંટી મોટા માલદાર લેખાયા,
ખાલી હાથે ચડી જાવું ખભે કહો શું રે કમાયા;
નદી તીરે અબધૂતને એક મશાણ બસાયા;
આસન જોગ અલેખ જગાયા છોડ દી કાયા;—કર્મ૦

હંસધ્વજ— ગાયન ૫૦

ધન્ય હો તારી વીર ધીરતાં....વહાલા બાળ....ધન્ય
તેલ ઉકળતામાં તન તળાવ્યું વહાલા;
ચડતાં હીમાળે તન ગાળીયું...વહાલા બાળ...ધન્ય૦
વીર કુંવર મુજ કુળ અજવાળીયું
નામ નવખંડમાં દીપ.વ્યું...વહાલા બાળ...ધન્ય
સત્ય સાહસ વીર ધર્મી તું સાચો વહાલા,
સત્યની અગ્નિમાં અંગ બાળીયું...વહાલા બાળ...ધન્ય૦
ભકિતનો ભેદ તેં પૂર્ણ છે જાણ્યો વહાલા,
જન્મ મરણ દુઃખ ટાળીયું...વહાલા બાળ...ધન્ય૦

ગાયન ૫૧

શંખ અવળચંડી, વિદ્યાર્થી, ખેડુત—

હાર્યો હાર્યોરે હાય હોડ શી કરી,
માર્યો માર્યોરે વિણુ મોતે જાઉં મરી;
અવળચંડી—વાર્યો વાર્યોરે તોય માન્યું નવજરી,
વિદ્યાર્થીઓ—બાળ્યો બાળ્યોરે નાયણે બળ ધરી;
ખેડૂત—શંખ ભાઇ બોલો
વીધ્યાર્થીઓ..................આંખ્યો ચોળો
" " " ....માંથું ફોડો
" " " ....હાથ જોડો—હાર્યો૦
શંખ—ખેડુતે મારી શાખ ઉતારી, થયો ભીખારી, શંખધારી
હા-

વીધ્યાર્થી—તજ તકરાર હાં હાં હાં
" " " મારો માર હાં હાં હાં
" " " ફૂટ ગમાર હાં હાં હાં
" " " હે તુંજ નાર હાં હાં હાં.

અર્જુન ગાયન પર

દેવ દર્શન ઘોને આવી દયાળુ થઇને,
નિવારો શંકા મારી ભારી અતિકારી;
રહું હું સદા શેવક થઇ યદા
નમું ઉચ્ચારી, હે મોરારી, શ્રી ધારી, આવારી—દર્શન.

સમર સમાવી દેશો યુધ્ધ વિના આવી કરી મયાને,
ધરી દયાને ભ્રાતાને ધારી ઊગારી ઇચ્છો તારી
સ્વીકારી..દર્શન

સર્વ પાત્રો— ગાયન ૫૩

જય જય મુરલીધર માધવ કાનકુંવર
અવનીમાં રસભર
સૃષ્ટી વિશે વૃષ્ટી દીશે મૃત્યુ શિશે ટાળો તીવ્રમિશે.
પ્રભાવતી શુદ્ધ સતી થઇ છતી પામી ગતી
શંખ અધર્મી પામ્યો અધોગતી
હર સ્થળમા સત્ય સ્થાપો
કાપો પાપો મનવાંચ્છીત ફળ દ્યો નટવર

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલી બુકો અમદાવાદ આર્ય નાટક સમાજ કંપનીનો મુકામ જયાં હોય ત્યાંથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હશે તેમણે રોકડી કીંમતથી મંગાવી લેવાં. વેલ્યુપેબલથી પણ મોકલવામાં આવશે. નોટપેડ કાગળ રાખવામાં આવશે નહીં.

નામ	કીમત.
પ્રતાપી વિર-વિજય નાટકનાં ગાયનો ...	૦—૨—૦
રમણુસિંહ...	૦—૨—૦
હરિશ્ચંદ્ર	૦—૨—૦
ચંદ્રસિંહ...	૦—૨—૦
અજીતસિંહ	૦—૨—૦
જોગીરાજ	૦—૨—૦
કૃષ્ણુ ચરિત્ર	૦—૨—૦

દેશાઇ ઇશ્વરભાઇ જીવાભાઇ

માલેક

અમદાવાદ આર્ય નાટક સમાજ.